# ફોકસ એકેડેમી

## અમદાવાદ 9099818013 8780038581

## પ્રાથમિક, 9 થી 12, અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ માટે ટ્યુશન

## ગુજરાતી નિબંધ

### (1) પુસ્તકો ની મૈત્રી

સંગ તેવો રંગ' એ બાબત માણસો કરતાં પુસ્તકોની બાબતમાં વધુ સાચી જણાય છે. મિત્રોની જેમ જ પુસ્તકોનો પણ જીવનઘડતરમાં નિર્ણાયક પ્રભાવ પડે છે. એક સારા મિત્રની જેમ પુસ્તક પણ વ્યક્તિને તેના સુખદુઃખમાં સાથ આપે છે, ગમે તેવી મુશ્કેલીમાંથી બહાર નીકળવાનો માર્ગ ચીંધે છે. સહનશીલતા અને ધીરજ જેવા ગુણો શીખવીને જીવન ટકાવી રાખવાનો સહારો તેમ જ સાંત્વન આપે છે. આથી જ મને ઉપરની અંગ્રેજી ઉક્તિ અક્ષરશઃ સાચી જણાય છે.

કેટલાય મહાપુરુષોનાં જીવન પુસ્તકોની મદદથી પલટાયેલાં જોવા મળે છે. ગીતા, રામાયણ અને બાઇબલ જેવા ધર્મગ્રંથોએ ઘણાનાં જીવનમાં અમૂલ્ય માર્ગદર્શન આપ્યું હશે. રસ્કિનના પ્રસિદ્ધ પુસ્તક "Unto The Last માંથી જ ગાંધીજીને સત્યાગ્રહની પ્રેરણા મળી હતી. ઉત્તમ પુસ્તકોની મૈત્રી રાખનાર ક્યારેય ગમે તેવી મુસીબતમાં પણ મુંઝાતો નથી. સારાં પુસ્તકોથી ઘડાયેલું મહાપુરુષોનું જીવનદર્શન દુઃખના સમયે ધીરજ અને શાંતિ રાખતાં શીખવે છે. જે માનવીની વેદના-વિટંબણાને હળવી બનાવે છે. શ્રેષ્ઠ પુસ્તકો માનવીના મનના વહેમ, અજ્ઞાન કે અંધશ્રદ્ધાને દૂર કરવામાં મદદરૂપ બને છે, નવું નવું શિખવાડે છે, જ્ઞાનની સીમાઓને વિસ્તારવાની તક આપે છે તથા બિલકુલ અજાણ બાબતથી પણ માહિતગાર બનાવે છે. સારાં પુસ્તકો કદીય દગો કરતાં નથી. તે હંમેશાં આપણો સાથ નિભાવે છે. આ માટે રોબર્ટ સધે નામના અંગ્રેજ કવિએ લખેલી પંક્તિઓ યાદ આવે છે :

પુસ્તકોની સંગત રાખનાર માણસને ક્યારેય કશું એકલું લાગતું નથી. તેની હૃદયકોટડીમાં સમૃદ્ધ જીવન જીવી ગયેલા મહાપુરુષો અક્ષરદેહે વિરાજતા હોય છે. જગતના મહાન વિવેચકો, મહાપુરુષો, કવિઓ અને દાર્શનિકો પ્રસંગને અનુરૂપ માર્ગ ચીંધવા હંમેશાં હાજર જ હોય છે. ગાંધીજી જેવી મહાન વ્યક્તિ પણ ગીતા માટે કહે છે કે; "જયારે-જ્યારે મને મૂંઝવણ થાય છે, ત્યારે ત્યારે હું ગીતામાંથી માર્ગદર્શન મેળવું છું!" ઉત્તમ પુસ્તકોની મૈત્રીનું આથી જવલંત ઉદાહરણ બીજું કયું હોઈ શકે ?

જેમ "પીળું એટલું સોનું કે "ઊજળું એટલું દૂધ નથી હોતું, તેમ દરેક પુસ્તકો સારાં નથી હોતાં. કેટલીક વાર અશ્લીલ પુસ્તકો યુવામાનસને તેમના જીવનની ઘોર ખોદવા તરફ પ્રેરે છે, તો ગીતા, રામાયણ અને મહાભારત જેવા ગ્રંથો વર્ષો સુધી જનસમાજને દોરવણી આપી શકે છે. "સરસ્વતીચંદ્ર કે "માનવીની ભવાઈ' જેવાં પુસ્તકો સમાજને માનવસહજ લાગણી અને ભાવનાનું દર્શન કરાવે છે.

## (2) માતૃપ્રેમ.

એક નાનુ બાળક કહે છે, ”મેં કદી ભગવાન તો જોયા નથી પણ, મને વિશ્વાસ છે કે તે પણ મારી ”મા” જેવા જ હશે.“

ઈશ્વરે જ્યારે પ્રેમનું સર્જન કર્યું હશે ત્યારે સૌપ્રથમ મા બનાવવાનું વિચાર્યું હશે. અનન્વય અલંકારમાં એમ કહીએ કે વાત્સલ્યની મૂર્તિ એટલે મા, મા એટલે વાત્સલ્યની મૂર્તિ, તો કંઈ ખોટું નથી.એના જેવી વ્યક્તિ આ જગતમાં ક્યાંય મળે એમ નથી. માતાનો જોટો જડવો મુશ્કેલ છે. માતા, માં, જનની, મમ્મા આ શબ્દો સાંભળતા ની સાથે જ બાળકની આંખમાં એક અનેરી ચમક આવી જતી હોય છે.

બાળકને જન્મ આપનાર અને એનું લાલનપાલન કરી જીવનનું સુયોગ્ય ઘડતર કરનાર માતાની અમૂલ્યવાન સેવાનો બદલો બાળક ૭ જન્મમાં પણ ઉતારી શકે તેમ નથી. બાળક જ્યારે માના ઉદરમાં હોય ત્યારથી માંડીને એ મોટું ને સમજણું થાય ત્યાં સુધીમાં અનેક કષ્ટો વેઠનાર અને પોતાના શરીર સુખ ના ભોગે પોતાના બાળકની માવજત કરનાર માતાને જો ઈશ્વરે પેદા જ ના કરી હોત તો આપણું શું થાત ? કોણે લાલન પાલન કર્યું હોત ? કોણે આપણને સંસ્કાર આપ્યા હોત? કોણે આટલો પ્રેમ લુટાવ્યો હોત?

**“મા તે મા બીજા બધા વગડાના વા”.**

## (3) વિજ્ઞાન વરદાન કે અભિશાપ.

એકવીસમી સદી એટલે જ્ઞાન અને વિજ્ઞાનની સદી. આજના  સમયમાં વિશ્વ આખું વિજ્ઞાન ક્ષેત્રે સતત હરણફાળ ભરી રહ્યું છે. આધુનિક માનવજીવન વિજ્ઞાન વગર જાણે પાંગળું બની ગયું છે. વિજ્ઞાનના સહારે માનવી પૃથ્વીના પેટાળથી લઈને છેક અવકાશ સુધી પહોંચી શક્યો છે. જ્યાં સૂર્યનાં કિરણો પણ નથી પહોંચી શક્યા ત્યાં વૈજ્ઞાનિક શોધ ખોળ થકી માનવી પહોંચી શક્યો છે અને કેટલાંય રહસ્યો ખોલી નાખ્યાં છે. દરેક ઘટનાનાં સારાં અને ખરાબ પાસાંઓ હોય છે. વિજ્ઞાન કેટલાક અંશે શાપરૂપ પણ સાબિત થયું છે, એના લીધે કંઈ આપણે વિજ્ઞાનના લીધે થયેલા ફાયદાઓને અને વિજ્ઞાનનું મહત્વ ના અવગણી શકીએ.

આજના સમયમાં એવું  એકપણ ક્ષેત્ર નથી જ્યાં વિજ્ઞાન ના પહોચ્યું હોય. જળ , સ્થળ , વાયુ અને અવકાશ દરેક ક્ષેત્રમાં વિજ્ઞાન પ્રગતિ કરી ચૂક્યું છે અને અવિરત કાર્યરત છે. આજે સુખસુવિધા , આરોગ્ય , પરિવહન , મનોરંજન ,સંદેશાવ્યવહાર ,ખેતી , ઉદ્યોગો ,શિક્ષણ ,હવામાન જેવા દરેક ક્ષેત્રમાં વિજ્ઞાને ખુબ જ પ્રગતિ કરી છે. નવા નવા સાધનો અને યંત્રોના લીધે જીવન ખુબ જ સરળ બની ગયું છે.  તેથી જ દિવસેને દિવસે વિજ્ઞાનનું મહત્વ પણ વધતુ રહયુ છે.

આપણે જાણીએ છીએ એમ અગ્નિ અને ચક્રની શોધથી આદિમાનવના જીવનમાં પરિવર્તન આવ્યું હતું , જેથી આ બન્ને શોધને પાયાની શોધ માનવામાં આવે છે. પહેલાંના સમયમાં મુસાફરી માટે પ્રાણીઓથી ચાલતાં સાધનો જેવાં કે બળદગાડું , ઘોડાગાડી , ઊંટગાડી તેમજ ઘોડા , ઊંટ , હાથી જેવા પ્રાણીઓ ની મદદથી મુસાફરી અને માલસામાનની હેરફેર થતી હતી. આ રીતે મુસાફરીમાં સમયનો ખૂબ જ વ્યય થતો, વળી નજીકના સ્થળોએ અને એકસાથે ખૂબ જ ઓછા વ્યક્તિઓ મુસાફરી કરી શકતાં હતાં.

## (4) મારો યાદગાર પ્રવાસ.

પ્રવાસ હંમેશા યાદગાર હોય છે. પ્રવાસ દરમ્યાન આપણને નવુનવું જોવા અને જાણવા મળે છે. પ્રવાસની પૂર્વતૈયારી એટલી ગણતરીબંધ અને વ્યવહારુ કરવી કે જેથી શરૂથી અંત સુધી ક્યાંય જરા પણ અગવડ કે મુશ્કેલી પડે નહિ.

ફોકસ એકેડેમી અમદાવાદ 9099818013 8780038581
પ્રાથમિક, 9 થી 12 અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ માટે ટ્યુશન
(કોઈપણ વિષયના કોઈપણ પ્રકરણની PDF  મફત મેળવવા માટે ઉપરના નંબરો પર MSG કરો)

વિદ્યાર્થીજીવનમાં પ્રવાસનું ઘણું મહત્ત્વ છે. પ્રવાસ કરવાથી આપણામાં સંપ, સહકાર, સહનશીલતા અને સાહસિકતા જેવા ગુણોનો વિકાસ થાય છે. આપણે આપણું કામ જાતે કરતાં શીખીએ છીએ. સૌદર્યને નિહાળવાની આપણી દૃષ્ટિ વિકસે છે. આપણને નવું નવું જોવા અને જાણવા મળે છે.

અમારી શાળામાંથી અમને દર વર્ષે પ્રવાસે જવાની તક મળે છે. પ્રવાસે જઈએ ત્યાં કોઈ વાર જમવાનું સારું ન મળે તો કોઈ વાર રહેવાની સારી સગવડ ન હોય. કોઈ વાર બસ ખોટકાઈ જાય તો કોઈ વાર ટ્રેન મોડી પડે. પણ આવી થોડીઘણી અગવડો જ આપણા પ્રવાસને રોમાંચક બનાવે છે.

એક વખત અમારી શાળા દ્વારા કચ્છ-ભૂજનો પ્રવાસ યોજવામાં આવ્યો હતો. એ પ્રવાસના રોમાંચક અનુભવોને તો હું આજે પણ ભૂલી શકતો નથી. પાંચ શિક્ષકો સાથે અમે પંચાવન વિદ્યાર્થીઓ લક્ઝરી બસ દ્વારા કચ્છ-ભૂજના પ્રવાસે નીકળ્યા.

સવારનું ખુશનુમા વાતાવરણ હતું. સાયલા, ચોટીલા, માટેલ વગેરે સ્થળો જોઈને અમે મોરબી પહોંચ્યા. ત્યાંથી ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો. અમે અંજાર પહોંચ્યા ત્યાં સુધી વરસાદ ચાલુ જ હતો. અમે ભીંજાતા ભીંજાતા ધર્મશાળાએ પહોંચ્યા.

બીજે દિવસે સવારે અમને સૂર્યનારાયણનાં દર્શન થયાં. અમે અંજારમાં જેસલ-તોરલની સમાધિ જોઈ. ત્યાર બાદ અમે અંજારના બજારમાંથી સૂડી અને ચપ્પુની ખરીદી કરી. બપોરનું ભોજન કર્યા પછી અમે ભૂજ તરફ રવાના થયા. ત્યાં ફરીથી વરસાદ શરૂ થઈ ગયો.

## (5) પરિશ્રમ એ જ પારસમણિ.

શ્રમ એ સફળતાની ચાવી છે. જીવનમાં ડગલે ને પગલે શ્રમના ગૌરવનાં દર્શન થાય છે. જગતના તમામ ધર્મોએ શ્રમનો ઉપદેશ આપ્યો છે. બાઇબલ કહે છે : " તું તારો પસીનો રેડીને તારી રોટી ખાજે. " કોઈ પણ પ્રકારના પરિશ્રમ વિના રોજી મેળવી સમાજ માટે બોજારૂપ બનનાર માનવીને ગીતામાં ' ચોર ' કહ્યો છે.

પરિશ્રમનો અર્થ મજૂરી કે વૈતરું નહીં, પરંતુ જાતમહેનત છે. માણસે જીવનમાં એશઆરામને મર્યાદિત સ્થાન આપી પોતાનાં શક્ય એટલાં કાર્યો જાતે કરવાં જોઈએ. કોઈ પણ પ્રકારના કામ પ્રત્યે શરમ, ઉપેક્ષા કે ઘૃણાની દૃષ્ટિએ ન જોવામાં શ્રમની ખુમારી રહેલી છે. કમનસીબે આપણો શિક્ષિત સમાજ શ્રમથી દૂર ભાગતો જાય છે. લોકો કડિયા, સુથાર, દરજી કે ખેડૂત જેવા શ્રમજીવીઓ પ્રત્યે ઘૃણાની નજરે જોવા લાગ્યા છે. ઑફિસોમાં કારકુનો અને અન્ય અધિકારીઓ ખુરશીમાં બેઠા બેઠા મોટા ભાગનાં કાર્યો બીજા પાસે કરાવવામાં પોતાની મહત્તા માને છે. શ્રીમંતો તો બધું કામ નોકરો મારફત કરાવવામાં ગૌરવ અને આનંદ અનુભવે છે. શારીરિક શ્રમ પ્રત્યેની આ સૂગ આપણા દેશનું એક વ્યાપક દૂષણ છે.

ધર્મોમાં શ્રમને તપ ગણવામાં આવ્યું છે. જગતના મહાપુરુષોની મહત્તાનાં મૂળ શ્રમમાં રહેલાં છે. આપણા રાષ્ટ્રપિતાનું જીવન શ્રમના મહાકાવ્ય જેવું હતું . તેમના આશ્રમમાં સૌને જાતે કામ કરવું પડતું. " આરામ હરામ હૈ " નું સૂત્ર આપનાર નેહરુજી શ્રમના અનન્ય ઉપાસક હતા. પશ્ચિમના દેશોમાં ભણેલાઓ કે શ્રીમંતો પોતાનાં કામ જાતે કરતાં શરમાતા નથી. જાપાન અને જર્મની જેવા દેશોની પ્રજાએ શ્રમ અને સ્વાશ્રયથી થોડાં જ વર્ષોમાં અદ્ભુત પ્રગતિ સાધી છે.

શ્રમથી મનુષ્યનું શરીર ઘડાય છે અને મન પ્રફુલ્લિત રહે છે. શ્રમથી વ્યવસ્થાશક્તિ ખીલે છે અને મનોબળ દૃઢ બને છે. શ્રમ કરનાર માણસ પોતાનું કાર્ય નિષ્ઠાપૂર્વક અને સમયસર કરી શકે છે. એને કદી " પારકી આશ સદા નિરાશ " નો કડવો અનુભવ થતો નથી. વળી, શ્રમથી પ્રાપ્ત કરેલી વસ્તુ વધુ પ્રિય લાગે છે.

ફોકસ એકેડેમી અમદાવાદ 9099818013 8780038581
પ્રાથમિક, 9 થી 12 અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ માટે ટ્યુશન
(કોઈપણ વિષયના કોઈપણ પ્રકરણની PDF  મફત મેળવવા માટે ઉપરના નંબરો પર MSG કરો)

**જાતે શ્રમ કરવાથી માણસ કરકસર કરી શકે છે અને બહોળો અનુભવ મેળવે છે. શ્રમ કરનાર માણસનું ઘરમાં, કુટુંબમાં અને સમાજમાં ઊંચું મૂલ્ય અંકાય છે. " જેણે કામ કર્યું , તેણે કામણ કર્યું. " એ કહેવત કેટલી સાચી છે. સખત પરિશ્રમ કરનાર માનવી જ ઉજ્વળ અને નિશ્ચિત ભાવિનું ઘડતર કરી શકે છે . જે દેશના લોકો પરિશ્રમનું ગૌરવ કરે છે, તે દેશ જ ઝડપી પ્રગતિ સાધી શકે છે. પરિશ્રમરૂપી પારસમણિ દુ:ખને સુખમાં, નિરાશાને આશામાં અને નિષ્ફળતાને સફળતામાં ફેરવી નાખે છે. પ્રચંડ પરિશ્રમ અને પ્રબળ પુરુષાર્થના બળે જ મનુષ્ય વિકાસની પરિસીમાએ પહોંચી શક્યો છે.**

## (6) શિયાળાની સવાર.

**કોઈ પણ ઋતુની સવાર રમણીય , શીતળ અને સ્ફૂર્તિદાયક હોય છે. એમાંયે શિયાળાની સવાર તો સૌથી વધુ સુંદર અને એ વખતની ઠંડીય ગુલાબી હોય છે.**

**શિયાળાનો દિવસ ટૂંકો અને રાત લાંબી હોય છે. તેથી શિયાળામાં સૂર્યોદય મોડો થાય છે. ઘણા લોકો સવારે વહેલા ઊઠી જાય છે. વહેલી સવારે આકાશમાં ટમટમતા તારલા જોવા મળે છે. સવારનો ઠંડો પવન ઠંડીના પ્રમાણમાં ઑર વધારો કરે છે. ઝાડપાન અને પશુ-પક્ષી પણ ઠંડીથી ઠુંઠવાઈ જાય છે. ગામડામાં ખેડૂતો વહેલી સવારે ખેતરે જાય છે. તેમના બળદોની ડોકે બાંધેલા ઘૂઘરાના રણકારથી વાતાવરણ જીવંત બની જાય છે. વલોણાના ઘેરા નાદથી તેમજ ઘંટીઓના મધુર અવાજથી ગામના વાતાવરણમાં સંગીત પ્રસરી જાય છે. કૂકડો 'કૂકડે... કૂક' એવો સાદ કરી જાણે કે પ્રભાતના આગમનની છડી પોકારે છે. ધીમે ધીમે આકાશ અને ધરતી પર સૂર્યોદયની લાલી પ્રસરવા લાગે છે. વૃક્ષો અને વેલીઓને સૂર્યનાં કોમળ કિરણોનો સ્પર્શ થવાથી તેમાં નવું ચેતન પ્રગટે છે. સૂર્યનાં કિરણો ઝાકળનાં બિંદુઓ પર પડતાં તે મોતીની જેમ ચમકવા લાગે છે. પંખીઓ કલશોર કરીને પ્રભાતનું સ્વાગત કરે છે. કેટલાક લોકો તાપણું કરીને તેમની ટાઢ ઉડાડે છે.**

**શિયાળાની સવાર શહેરના જનજીવન પર પણ ગાઢ અસર કરે છે. કેટલાક લોકો 'મૉર્નિંગ વૉક' કરવા માટે નીકળી પડે છે. કેટલાક નવયુવાનો કસરત કરે છે. આ ઉપરાંત સવારના પહોરમાં છાપાના ફેરિયા, દૂધવાળા, વિદ્યાર્થીઓ , કારીગરો અને ધંધાદારીઓ દોડધામ કરતા જોવા મળે છે . જોકે ઘણા લોકોને હૂંફાળી પથારી છોડી દેવાનું ગમતું નથી . તેથી તેઓ મોડે સુધી પથારીમાં સૂઈ રહે છે અને સોના જેવો મૂલ્યવાન સમય ગુમાવે છે.**

**શિયાળાની સવારે વસાણું ખાવાની ખૂબ મજા પડે છે. શિયાળાની સવારનો વ્યાયામ અને વસાણું આપણને બારે મહિના સ્વસ્થ અને તાજામાજા રાખે છે.**

**શિયાળાની સવાર દમ અને શ્વાસના દરદીઓને માફક આવતી નથી. જેમની પાસે ઓઢવા - પાથ ર વાની પૂરતી સગવડ નથી હોતી , તેવા ગરીબો માટે પણ તે કપરી નીવડે છે. ઘણી સેવાભાવી સંસ્થાઓ ગરીબોને ધાબળાનું દાન કરે છે.**

**સામાન્ય રીતે શિયાળાની સવાર આનંદદાયક, શક્તિદાયક અને સ્ફૂર્તિદાયક જ હોય છે.**

## (7) વર્ષાઋતુ.

**વર્ષની ઋતુઓ છ છેઃ હેમંત, વસંત, ગ્રીષ્મ, વર્ષ, અને શરદ. તેમાં વર્ષા મુખ્ય છે. દુઃખ જઈ સુખ આવે તે જેમ મીઠું લાગે છે, તેમ ગ્રીષ્મઋતુના પ્રચંડ તાપે તપેલાં જીવજંતુ ને વનસ્પતિ શીતળતા પ્રાપ્ત કરે, અને સૃષ્ટિમાં નવચેતન પ્રગટે, તેથી વર્ષાઋતુ આલ્હાદક ને રમણીય લાગે છે.**

ફોકસ એકેડેમી અમદાવાદ 9099818013 8780038581
પ્રાથમિક, 9 થી 12 અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ માટે ટ્યુશન
(કોઈપણ વિષયના કોઈપણ પ્રકરણની PDF  મફત મેળવવા માટે ઉપરના નંબરો પર MSG કરો)

**ગ્રીષ્મ ઉતરી વર્ષની શરૂઆત થાય, ત્યારે દેવ દાનમાં યુદ્ધ મચે, ને તેના અલૌકિક ઉત્પાતથી આખું વિશ્વ ખળભળી ઊઠે. પૃથ્વી પરના જે તે વખતે ધ્રુજી ઉઠે, છળી મરે, અને બી જઈ ઘરમાં ભરાઈ રહે. આ તુમુલ યુદ્ધમાં તેપના ગોળા જેવો વાયુને સુસવાટ થાય, તોફાની પવને વૃક્ષને હચમચાવી મૂકે, ક્ષિતિજમાં ઉપરા ઉપરી વીજળીના ચમકારા થાય, વાદળાંમાં કડાકા ને ભડાકા થાય, અને આખું આકાશ ગર્જનાઓથી ગાજી રહે.**

**ગલોમાં ને પર્વતની ખીણમાં મેઘગર્જનાના પ્રતિધ્વનિ થાય. તેને લીધે પશુપક્ષીઓ ને બીજા જીવો ત્રાસી ઊઠે. સિંહ તેની સામે તડુકી ઊઠી ગર્જના કરે અને મયૂર ટહુકાર કરે. આવે વખતે પતિત દશામાં પડી રહેલી ધૂળ વિટળીએ ઉંચે ચઢી માનને આંજી નાખે, ને હેરાન કરી પૂર્વનું વેર લે.**

**આવા આવા ઉત્પાત થાય, તેથી ઇકદેવ પિતાનાં વાદળાંના લશ્કર સાથે આવી પહોંચે, પૃથ્વી ઉપર મેઘાડંબર છવાય, સપ્તરંગી સુરચાપ ખેંચેલું દષ્ટિએ પડે, મહેન્દ્રના પ્રતાપે ઠંડા પવનની લહેર છૂટે, અને પછી મુસળધાર વૃષ્ટિ થાય. આથી સર્વ તફાની શક્તિઓ વિરમે, વ્યાકુળ બનેલી સૃષ્ટિ શાંત થાય, અને પૃથ્વી ઉપર શાંતિનું રાજ્ય સ્થપાય, છતાં પણ સલુણી સંધ્યા ક્રોધમાં રાતીચોળ બનેલી ડુંગરડાંમાં દેખાવ દે.**

**આ મંડાએલાં યુદ્ધ એક વખતથી શાંત ન થાય. મેઘાડંબર અવારનવાર રહ્યાજ કરે. મેઘધનુષ્ય ખેંચાએલાં જ રહે, પૂર્વને પશ્ચિમ દિશાએ, લઢાઈ કરવા સજજ થએલાં વાદળાંને, ડુંગરડાં રૂપે ચઢાવ નજરે પડે, અને વાદળીઓની નાની નાની ટુકડીઓ આમ તેમ દેડ્યા જ કરે. કદાચ જે ફરીથી સુહનાં મંડાણ થાય તે એકદમ અણધાર્યો મેટી ધારે મેઘ તૂટી પડે, વરસાદની ઝડીઓ પડે ને હેલી મચે, નદીનાળાં પાણીથી ભરચક થઈ રહે, પાણીના ધંધ પડતા સંભળાય, નદી ઉપરનાં ગામે ખેંચાઈ જાય, ઘરે તૂટી પડે, ઝાડો ભાગી પડે, જવા આવવાના રસ્તા બંધ થાય, અને પૃથ્વી જાણે પાણીમાં ડુબી જતી હોય એમ લાગે.**

FOCUS ACADEMY

ફોકસ એકેડેમી અમદાવાદ 9099818013 8780038581
પ્રાથમિક, 9 થી 12 અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ માટે ટ્યુશન
(કોઈપણ વિષયના કોઈપણ પ્રકરણની PDF  મફત મેળવવા માટે ઉપરના નંબરો પર MSG કરો)